જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૨/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ, ૧૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૦૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૨૦/૨૦૨૬**

દાણીલીમડાઃ મોહમદ મુજાહીદ ઈસ્લામ મોહમદ જહરુલહક શેખ (ઉ.વ.૩૬)(રહે. મહેતાબ પાર્ક કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી વિભાગ–૦૧, આલીશાન પાર્ક ગૂડલક બેરેલ માર્કેટ દાણીલીમડા) એ તા.૧૨/૦૨/૨૦૨૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર– ૭૪૯૨૦૭૫૮૭૩ ના ધારક તથા મોબાઈલ નંબર– ૯૨૯૬૦૫૩૩૮૯ ના ધારકે મોહમદ મુજાહીદ ઈસ્લામ મોહમદ જહરુલહક શેખ નાઓને ફોન કરી લોનની જરૂયાત હોય તો લોન પાસ કરી આપવાની વાત કરતા મોહમદ મુજાહીદ શેખ નાઓને લોનની જરૂરીયાત હોય લોન મેળવવા માટે તેમની સાથે વાતચીત કરતા તેઓએ ૩૫ લાખની લોન પાસ કરી આપવાનો વિશ્વાસ આપી મોહમદ મુજાહીદ શેખ નાઓ પાસેથી જરૂરી દસ્તાવેજ મેળવી લઈ મોહમદ મુજાહીદ શેખ પાસેથી લોન પ્રોસેસ પેટે કુલ રૂપિયા ૧,૯૭,૫૮૨/– ઓનલાઈન મેળવી લઈ, લોન પાસ નહી કરાવી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૨૨૧/૨૦૨૬**

બાપુનગરઃ ભગવાનદાસ રણછોડભાઇ પટેલ (ઉ.વ.૭૫)(રહે.કર્ણાવતી એપાર્ટમેન્ટ મણીનગર) એ તા.૧૨/૦૨/૨૦૨૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ગુજરાત બોટલીંગ આગળ રોડ ઉપર એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષોએ ભેગામળી ભગવાનદાસ પાસે આવી, તેમની સાથે વાતચીત કરી ભગવાનદાસ પટેલની નજર ચુકવી, તેમની ઇલેકટ્રીક સ્કુટીની ડેકીમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૨૨૨/૨૦૨૬**

ચાંદખેડાઃ રાજેન્દ્રકુમાર કાંતીલાલ રાઠોડ (ઉ.વ.૬૩)(રહે. સંપદ એસ્ટર, અતિશય રેસીડેન્સી પાછળ, મોટેરા) એ તા.૧૨/૦૨/૨૦૨૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે સંપદ ફોરેન્ટા રેસિડેન્સીના ગેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ રાજેન્દ્રકુમારના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

ત્યજી દિધેલ મૃત હાલતમાં ભ્રૂણ મળી આવવા બાબતઃ– **સમાચાર ચાદી નં.૨૨૩/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ તા.૧૧/૦૨/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા સોલા સિવિલ હોસ્પીટલ નવી બનતી સાઇટના કમ્પાઉન્ડ ખાતે એક મૃત નવજાત ભ્રૂણ ત્યજી દિધેલ બિનવારશી હાલતમાં મળી આવતા, સોલા હાઇકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.પી.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૨૨૪/૨૦૨૬**

બોડકદેવઃ હેબતપુર ગામ પાછળ "ધ ગોલ્ડ સ્કાય વિલા" નામની નવી બનતી સાઇટની મજુર કોલોનીમાં રહેતા અને ત્યાંજ કામ કરતા સોહનલાલ સ/ઓ જગલા વડેરા (ઉ.વ.૪૨)(મુળ વતન. ગામ–પુજા ખુલડી, તા.આનંદપુરી જી.બાંસવાડા, રાજસ્થાન) તા.૧૧/૦૨/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે "ધ ગોલ્ડ સ્કાય વિલા" નવી બનતી સાઇટના "બી" બ્લોક ખાતે નિચેથી લિફ્ટ મારફતે સાતમા માળે ટાઈલ્સો ચડાવવાનુ કામ કરતા હતા ત્યારે સાતમા માળેથી લિફ્ટમાંથી ટાઇલ્સ ખાલી કરતા હતા ત્યારે સાતમા માળથી સોહનલાલ નીચે પડતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૨૨૫/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ સોહિલ યાકુબભાઇ શેખ (ઉ.વ.૨૮)(રહે.શહેરી ગરીબ આવાસ યોજના ટોરેન્ટ પાવર સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૬ સવારના ૯/૨૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે સીડી નંબર– ૪૮ પાસે પોક–વે નજીક નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રિન્કલબેન મોહનભાઇ ચલાવે છે.

બોડકદેવઃ કેતનકુમાર પ્રભુભાઇ ઠક્કર (રહે.ઝિઓન વિન્ડફિલ્ડ, ઇશાન બંગ્લોઝ સામે, શિલજ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૧/૨૦૨૬ બપોરના ૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના "એ" બ્લોકના ઘાબા ઉપરથી નીચે પડતુ મુકતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ ચલાવે છે.

અમરાઇવાડીઃ ગીરીશચંદ્રભાઇ પાટડીયા (રહે.નારણપીઠાની ચાલી, રામલાલ રૂપલાલ ગાર્ડન સામે, અમરાઇવાડી) નાઓના ૧૭ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૬ સાંજના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી